ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેર-જિલ્લામાં કોરોનાના ૨૮ કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૩ કેસ તો શહેરમાં નવા ૫ કેસ નોંધાયા : ગાંધીનગર તાલુકામાં ૧૩, કલોલમાં ૭ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા : ઉવારસદમાં ત્રણ બાળકો પણ સંક્રમિત થયા : શહેરમાં સે. ૨૦માં એક જ પરિવારના ત્રણ સભ્યો સંક્રમિત થયા : સે. ૨ અને સરગાસણમાંથી એક એક કેસ મળ્યો**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૨૩ કેસ અને શહેરમાં કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા છે. કોરોના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે વકર્યો છે તેને લઈ તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. છેલ્લા મહિનામાં એક જ દિવસમાં આ સૌથી વધુ કેસ નોંધાયા છે. અગાઉ એક જ દિવસમાં ૧૮ કેસ નોંધાયા હતા.

નવ દિવસ બાદ જિલ્લામાં એક સાથે ૨૩ કેસ નોંધાયા છે. ૨૭મી માર્ચે ૧૮ કેસ નોંધાયા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

શહેર-જિલ્લામાં કોરોનાએ જે રીતે ગતિ પકડી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જો કે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મજૂરીકામ કરતા શ્રમિકોમાં કોરોનાના કેસ વધુ નોંધાયા છે. આ ઉપરાંત ૧૬ થી ૪૫ વર્ષના વયજૂથમાં પણ કેસ વધુ થયા છે. આજે નોંધાયેલા કેસો સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦૫૨ પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૨૩ કેસમાં દહેગામમાં ૩, કલોલમાં ૭ અને ગાંધીનગરમાં ૧૩ કેસ નોંધાયા છે. દહેગામ અને કલોલ પણ આ વખતે સંવેદનશીલ બની ઉભરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાં ૩ બાળદર્દીઓ છે જેમની આયુ ૧૦ વર્ષથી પણ ઓછી છે. ૧૪ મહિલા દર્દી છે. ૪ સિનીયર સીટીઝન છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લ્હેર જોવા મળી રહી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામ અર્બનમાં બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ મહિલા દર્દીના છે. આ ઉપરાંત ત્રીજો કેસ સાંપા ગામે પણ મહિલા દર્દીનો નોંધાયો છે. સાંપામાં મજૂરીકામ કરતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં ઉવારસ ગામેથી જ ૬ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ બાળકોના કેસ છે. ઉવારસદમાંથી ૪ વર્ષનું બાળક, ૮ વર્ષની દિકરી અને પાંચ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૨૦ વર્ષની ૩ યુવતીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય યુવતી મજૂરીકામ કરતી હોવાનું જાણવા મળેલ છે.

દંતાલીમાંથી ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છાલામાંથી આજે વધુ ૩ કેસ મળ્યા છે. જેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

જાખોરામાંથી ૨૧ વર્ષીય મહિલા અને ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી આજે ૭ કેસ મળ્યા છે. જેમાંથી ૩ નારદીપુર ગામમાંથી અને ૪ કેસ રકનપુર ગામેથી મળી આવ્યા છે.

નારદીપુર ગામેથી ૧૬ વર્ષીય વિદ્યાર્થી, ૩૧ વર્ષીય મહિલા અને ૭૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રકનપુર ગામેથી ૪ કેસ મળી આવ્યા છે જેમાં ૩ મહિલા દર્દી અને એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રકનપુર ગામેથી ૪૭ વર્ષીય મહિલા, ૨૨ વર્ષીય મહિલા અને ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો શોધવા માટે ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગાંધીનગર તાલુકો અને કલોલ અગાઉની લ્હેરમાં પણ સંવેદનશીલ રહ્યા હતા. દહેગામમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. દહેગામ અર્બનમાં પણ કેસો જે રીતે વધી રહ્યા છે તે ચિંતાજનક છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તમામ નોંધાયેલ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી થાય તે જોવા માટે તંત્ર તરફથી તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ નોંધાયો છે. જ્યારે સેક્ટરોમાં ૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનના કેસોની સંખ્યા ૭૫ના આંકને પાર કરી ગઈ છે.

શહેરમાં આજે સે. ૨૦માં એક જ પરિવારના ૩ સભ્યો

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર તાલુકામાં ત્રણ માસમાં ૧૫,૬૪૯ દસ્તાવેજોની નોંધણી

**સબ.રજીસ્ટ્રારની કચેરી ગાંધીનગરમાં બે શિફ્ટમાં કામગીરી કરે છે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકામાં છેલ્લા ત્રણ માસમાં ૧૫,૬૪૯ જેટલા દસ્તાવેજોની નોંધણી થઈ છે અને આ પેટે રૂ. ૧૫૮ કરોડ જેટલી સ્ટેમ્પ ડ્યુટીની આવક જ્યારે નોંધણી ફી પેટે રૂ. ૨૮ કરોડ ૩૭ લાખથી વધુની આવક થઈ છે.

જંત્રી ડબલ કરવાની જાહેરાતનો અમલ મોકુફ રખાયા પછી દસ્તાવેજોની નોંધણીમાં ગતિ આવી છે. ગઈકાલે રજાના દિવસે ચાલુ રહેલી સબરજીસ્ટ્રારની ગાંધીનગર સ્થિત કચેરીમાં ૩૦૦થી વધુ દસ્તાવેજ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે જાન્યુઆરી માસમાં ગાંધીનગરમાં ૪૫૭૬, ફેબ્રુઆરીમાં ૪૬૪૯ અને માર્ચમાં ૬૪૨૪ દસ્તાવેજોની નોંધણી થઈ છે. આમ ગાંધીનગર જિલ્લા સબરજીસ્ટ્રારની એક જ કચેરીમાં ૧૫,૬૪૯ દસ્તાવેજોની નોંધણી થઈ છે.

ગાંધીનગર જિલ્લામાં દસ્તાવેજોની નોંધણીનું ભારણ વધુ રહ્યુ છે અને તેથી જ કલેક્ટર કચેરીમાં આવેલી સબરજીસ્ટ્રારની કચેરી બે શિફ્ટમાં કામગીરી કરી રહેલ છે.

ગાંધીનગરમાં સ્ટેમ્પડ્યુટીની આવક જે થાય છે તે રાજ્યમાં પણ ટોપ-૫ માં સ્થાન ધરાવે છે. જિલ્લામાં અન્ય તાલુકાઓમાં પણ કલોલ, દહેગામ અને માણસામાં પણ કામગીરી ચાલે છે પણ ગાંધીનગર જેટલો રસ નથી. કલોલમાં અને માણસામાં જો કે છેલ્લા ત્રણ માસ દરમ્યાન ભારણ કામગીરીનું વધ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારો ઝડપથી વિકસી રહ્યા હોવાથી દસ્તાવેજોની નોંધણી વધુ થઈ રહી હોવાની વાતો પણ છે.



જય હાટકેશ - નાગર સમુદાયના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવની જન્મજયંતિ નિમિત્તે અમદાવાદ સહિત રાજ્યભરમાં પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો... અમદાવાદમાં ખાડીયા વિસ્તારમાં હાટકેશ્વર મહાદેવના મંદિરેથી કાવડયાત્રા યોજાઈ હતી... જેમાં જય હાટકેશ અને હર હર મહાદેવના જયઘોષ સાથે સેંકડો નાગરો રંગબેરંગી પરિવસ્ત્રોમાં સજ્જ બની જોડાયા હતા... નાગર કોઈ જ્ઞાતિ નથી એક વિચારધારા છે... એવા મોરારિબાપુના વિધાન સાથે નામી-અનામી ચિંતકો અને નેતાઓએ સમર્થન આપ્યું છે ત્યારે વૈશ્વિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે વહીવટી અને કલાના ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર નાગર સમુદાય આજે પણ સામાજીક વિકાસમાં અગ્રેસર રહ્યો છે... સંસ્કાર અને સાંસ્કૃતિક વૃત્તિ - પ્રવૃત્તિમાં નાગરોની કુશળતા અનેક રીતે વખણાઈ છે... એવા નાગર પરિવારો એક બની હાટકેશ્વર જયંતિને ભાવપૂર્વક ઉજવે છે...

## ગાંધીનગરમાં ઉનાળાની અસર વર્તાઈ : બપોરનો તાપ આકરો બન્યો

**ગરમીનો પારો ૩૭ ડીગ્રીએ : ગરમીનુ પ્રમાણ વધવાની સાથે લઘુત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉપર આવ્યુ : આગામી દિવસોમાં અંગ દઝાડતી ગરમી પડશે**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી મોસમનો મિજાજ રોજબરોજ બદલાતો જોવા મળે છે. જેના લીધે આકરા ઉનાળે પણ વરસાદી નઝારો આંખ સામે ખડો થાય છે. શહેરનુ જનજીવન છેલ્લા એક મહીનાથી વાતાવરણ પલ્ટાની અસરથી પ્રભાવિત છે. જયારે એપ્રિલ અને મેં મહીનામાં પણ કમોસમી વરસાદ થવાની સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. જયારે છલ્લા બે દિવસથી ગરમીનો પારો ઉપર ચઢી રહ્યો છે. આજે ગરમીનો પરો ૩૭ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ દિવસ દરમિયાન આકરો તાપ અનુભવ્યો હતો. લઘુત્તમ તાપમાન પણ ૨ ડીગ્રી ઉચકાયુ છે. ત્યારે આગામી દિવસોમાં હવે અંગ દઝાડતી આકરી ગરમી પડશે.

ગાંધીનગરમાં વરસાદી વાયરાના અંતે હવે ગરમીનો મિજાજ ઉગ્ર બનતો જાય છે. માર્ચ મહીનામાં સતત વાદળિયા વાતાવરણના લીધે ગરમી અદ્રશ્ય થઈ ગઈ હતી જયારે સતત વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે કમોસમી વરસાદ વરસતા નગરજનો લાંબા સમયથી ત્રેવડી મોસમની અસરથી પ્રભાવિત છે. જો કે હવામાન નિષ્ણાંતોની દ્રષ્ટીએ હજુ પણ હવામાન પલ્ટા વચ્ચે ગમે ત્યારે વરસાદી વાદળો ગોરંભાશે એપ્રિલ અને મેં મહીનામાં આકરી ગરમી પડશે પરંતુ વરસાદી વાયરો પણ ફુંકાશે જયારે કમોસમી વરસાદથી નગરમાં ભીંજારાના માહોલ પણ જોવા મળશે. ભર ઉનાળે આકાશમાં અષાઢી નઝારો છવાયેલો જોવા મળી રહ્યો છે. ત્યારે એપ્રિલના પ્રથમ સપ્તાહના અંતે પણ હજુ ગરમીની મોસમમાં જમાવટ જોવા મળતી નથી. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડીગ્રી વચ્ચે રહેતા નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહ્યા હતા પરંતુ છેલ્લા બે દિવસથી બપોરનો તાપ આકરો બન્યો છે. ગઈકાલે ગરમીનો પારો ૩૬ ડીગ્રીએ રહ્યો હતો જયારે આજે મહત્તમ તાપમાન એક ડીગ્રી ઉંચકાયુ છે. ગરમીનો મિજાજ થોડો ઉગ્ર બન્યો

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાની કચેરીએ લેંણદારોના ધક્કા, ૩૦ કરોડના બીલો અટવાતા કોન્ટ્રાકટરોમાં પ્રબળ આક્રોશ

**છેલ્લા બે મહીનાથી કોઇ બીલનુ ચુકવણુ કરાયુ નથી : ઇવેન્ટ બ્યુટિફિકેશનની કામગીરીના પણ પૈસા ચુકવાયા નથી : કોન્ટ્રાકટરોની સાથે શ્રમિકોની પણ દયાજનક સ્થિતિ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળનો મોટાભાગનો વિસ્તાર કોર્પોરશનમાં સમાવી લીધા બાદ ગુડાનુ તંત્ર આર્થિક ભીંસમાં મુકાઈ ગયુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. નવી આવક ઉભી કરવા માટે ગુડા હસ્કતના પ્લોટસનુ વેચાણ કરવા માટે પણ સમયાંતરે પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જયારે હાલની સ્થિતિએ ગુડાનો વહીવટ પણ ખાડે ગયો છે. છેલ્લા બે મહીનાથી કોન્ટ્રાકટરોને બીલ પણ ચુકવાયા નથી ઈવેન્ટ બ્યુટીફીકેશનની કામગીરીની લેંણી રકમ માટે પણ કોન્ટ્રાકટરો ધક્કે ચઢે છે. અંદાજિત ૩૦ કરોડના બાકી બીલના ચુકવણાના અભાવે કોન્ટ્રાકટરોમાં રોષ પ્રવર્તયો છે. જયારે આવાસ ઈચ્છુક અરજદારોની ડીપોઝીટની રકમ પણ ચુકવાતી નથી. આ સ્થિત વચ્ચે ગુડાની કચેરીઅમાં લેંણીયાતના ધક્કા વધી ગયા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમાં એક સમયે સતત ધમધમાટ જોવા મળતો હતો. ગુડાની કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી બીલ મંજુર ન થયા હોય તેવા કારણોસર લેંણદારો ધક્કે ચઢયા છે. ગુડાના તંત્ર પાસે અંદાજિત ૨૫ કરોડની ઉઘરાણી કરવામાં આવી રહી છે. જયારે ઈવેન્ટ બ્યુટિફિકેશનની કામગીરીનુ પણ હજુ સુધી ચુકવણુ થયુ ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. અધિકારીઓ પણ કોન્ટ્રાકટરોથી મોં છુપાવી રહ્યા હોવાની દયાજનક સ્થિતિ સર્જાઈ છે. જયારે આ મામલે ગુડાના અધિકારીઓ પણ મૌન સેવી રહ્યા છે. જો કે કરોડો રૂપિયાના કામો પુર્ણ થયા બાદ અલબત્ત ગુડાના નિયમ મુજબ કામગીરી પુરી કરી હોવાછતા પણ ચુકવણા ન થતા આર્થિક તંગીના લીધે કોન્ટ્રાકટરો પરેશાન છે. રોજબરોજ ગુડાની કચેરીઓ બુમ ઉઠવા પામે છે. કોન્ટ્રાકટરો એમ પણ જણાંવી રહ્યા છે કે ગુડાની કચેરીમાં અંદાજિત રૂ ૩૦ કરોડની લેંણી છે. આમછતા ચુકવણી થતી નથી. આ રકમ મોટી હોવાછતા વિલંબમાં પડી છે. જેના લીધે કોન્ટ્રાકટરો પોતાના શ્રમિકોને પણ નાંણાની ચુકવણી કરી શકાતી ન હોવાનો અફસોસ વ્યકત કરી રહ્યા છે. આ સ્થિતિમા ગરીબ શ્રમિકો

● અનુસંધાન પાન-૭ પર




## ત્રણ સેકટરોમાં જુના અને જોખમી ૮૪ મકાનો તોડવા માટે ટુંકમાં કામ શરૂ કરાશે

**સે-૧૨, સે-૧૬ અને સે-૧૭ માં જ અને છ કક્ષાના જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરાશે**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે જુના અને જોખમી મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરી નવી ટાવર કોલોની બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં તબક્કાવાર જુના મકાનો તોડવા માટે મંજુરી આપવામાં આવી રહી છે. સે- ૧૨ સે- ૧૬ અને સે-૧૭ માં પણ વિભાગ દ્વારા જોખમી માલુમ પડતા ૮૪ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયાના અંતે આ જોખમી મકાનોનો કડુસલો કરવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી મકાનો હવે રહેણાંકને લાયક રહ્યા નથી જયારે દિનપ્રતિદિન કંગાળ બનતા આવાસો પૈકી તંત્ર દ્વારા તબક્કાવાર જોખમી મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમાં જુના અને જોખમી મકાનો તોડવા ઉપરાંત નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ પણ સે- ૬ અને સે-૨૯ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. તંત્ર દ્વારા આવાસોના સર્વેના અંતે જોખમી મકાનોનો કડુસલો કરી જરૂરી આવાસોને રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવે છે. જેથી આવાસોની ઘટના પ્રશ્નને હળવો કરી શકાય. શહેરના સે- ૭ અને સે- ૩૦ અને સે- ૬ માં જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવામા આવ્યા છે. જયારે આ કોલોનીમાં હાલ કર્મચારીઓના પરિવારનો વસવાટ છે. જયારે દાયકાઓ પુર્વે બાંધવામાં આવેલા આ આવાસો પૈકી મોટાભાગના ભયજનક સ્થિતિમાં હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયા બાદ તંત્ર દ્વારા તબકકાવાર આવાસોના નિકાલ મામલે વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. જેના અંતે સમયાંતરે આવાસો તોડવા માટે મંજુરી આપવામાં આવી રહી છે. નવા આવાસો અન્વયે ટાવર કોલોની બાંધવામાં આવી રહી છે. જેથી ઓછી જગ્યામાં વધુ સુવિધા સાથે કોર્પોરેટ લુક ધરાવતા મકાનો કર્મચારીઓ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. શહેરમાં એકબાજુ નવા સદસ્ય નિવાસ બાંધવા માટે પણ કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જયારે બીજીતરફ સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે પણ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરના સેકટરોમાં જુના આવાસો તોડવા મામલે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના સે- ૧૨ , સે-૧૬ અને સે-૧૭ માં અંદાજિત ૮૪ જેટલા મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આ મકાનો જ અને છ કક્ષાના છે. આ મામલે હવે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે જેના અંતે જુના અને જોખમી મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે જો કે શહેરમાં લાંબા સમયથી નવા આવાસ બાંધવા માટે આયોજન કરાયુ છે. પરંતુ ખુલ્લી થયેલી જગ્યાને અનુલક્ષી સ્થળ પસંદગીની પ્રક્રીયા હજુ હાથ ધરવામાં આવી નથી જેના લીધે નવા મકાનો બાંધવાની યોજના અન્વયે ઝડપ થતી નથી. અગાઉ સે-૨૨ માં પણ નવા આવાસો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે જુના મકાનો તોડી નાંખ્યા બાદ થયેલી ખુલ્લી જગ્યા સંદર્ભે વિભાગમાં ઉચ્ચ કક્ષાએ પ્રેઝેન્ટેશન પણ રજુ કરાયુ હતુ ત્યારે હવે ટુંકમાં સાઈટ પસંદ કરવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## નવમીની પરીક્ષા માટે તંત્રએ કંટ્રોલરૂમ અને હેલ્પલાઈન શરૂ કરી

**પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે આકરા પગલાંની જોગવાઈ નવા કાયદામાં છે જ : જિલ્લા કલેક્ટર કોયા**




ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં પેપરલીક કરનારાઓ સામે આકરા પગલાં લેવાનુ વિધેયક પસાર કર્યા પછી આગામી નવમીએ રાજ્ય પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પ્રથમવાર ક્લાર્ક સંવર્ગની પરીક્ષા યોજાઈ રહી છે. તંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આજે જિલ્લા કલેક્ટર હિતેષ કોયાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે પણ નવા કાયદા મુજબ આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લામાં પરીક્ષાર્થીઓ માટે હેલ્પલાઈન તેમજ કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં પરીક્ષા માટેના વર્ગખંડોમાં સીસીટીવી છે પરંતુ પેસેજ એરિયાનું પણ સીસીટીવી દ્વારા મોનીટરીંગ કરાશે અને આ માટે સીસીટીવી માટે એજન્સીની નિયુક્તી કરી દેવાઈ છે તેમજ વર્કઓર્ડર પણ જારી કરી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં કુલ ૧૨૧ કેન્દ્રો આ પરીક્ષા માટે નિયત કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં ૮૨, દહેગામમાં ૧૦, કલોલમાં ૧૪ અને માણસામાં ૧૫ કેન્દ્રો છે. આ પરીક્ષા માટે ૧૨૪૭ પરીક્ષા ખંડો છે. જિલ્લામાં કુલ ૩૭,૪૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે ઉપસ્થિત રહેશે. પરીક્ષા માટે ૩૭ રૂટ બનાવવામાં આવ્યા છે.

૨૨ ફ્લાઈંગ સ્કવોડ રહેશે તેમજ બે ઓબ્ઝર્વર રહેશે. પરીક્ષા માટે ૧૨ વાગ્યા પછી કોઈ પરીક્ષાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહિ. પરીક્ષાખંડમાં પ્રવેશ લેતા પહેલાં પરીક્ષાર્થીનું સ્ક્રીનીંગ કરવામાં આવશે.

પત્રકારો સાથે વાતચીત કરતાં જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે જરૂર પડ્યે ખાસ બસો પણ દોડાવવામાં આવશે જેથી પરીક્ષાર્થી સમયસર પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકે.

તેમણે કહ્યુ હતુ કે પરીક્ષાખંડમાં પરીક્ષાર્થી માત્ર કોલલેટર, સાદી કાંડાવાળી ઘડિયાળ, આઈ.કાર્ડ અને પેન જ લઈ જઈ શકશે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે ૨૫ શિક્ષકો સાથેની સીસીટીવી વ્યુઈંગ ટીમ પણ રચવામાં આવી છે તે સતત મોનીટરીંગ કરશે. આ પરીક્ષામાં જિલ્લાના ૧૫૦૦થી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે.

### આજે બાયસેગના માધ્યમથી તાલિમ આપવામાં આવશે

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા નવમીએ યોજાનાર ક્લાર્ક સંવર્ગની પરીક્ષા માટે કેન્દ્ર સંચાલક, બોર્ડ પ્રતિનિધિ, સીસીટીવી ઓબ્ઝર્વર, ઈન્વીજીલેટર સુપરવાઈઝર અને કારકુનોને બાયસેગના માધ્યમથી બપોરે ૧૨ થી ૨ દરમ્યાન તાલિમ આપવામાં આવશે.

જિલ્લામાં ૧૦ સ્થાનો પર ૧૩૦૦થી વધુ કર્મચારીઓને આ તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે.

### જાણીતા નિવૃત્ત શિક્ષિકા દિનાબેન ભટ્ટનું નિધન

વિદ્યાર્થીઓમાં લોકપ્રિય અને સેંટ ઝેવિયર્સ સ્કૂલના નિવૃત્ત શિક્ષક દિનાબેન ભટ્ટનું દુઃખદ અવસાન થયેલ છે. તેમના કાર્યકાળ દરમિયાન સેંકડો વિદ્યાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન ઉપરાંત અભ્યાસની અનિવાર્યતા વિશે ખૂબ લાગણીસભર માહોલમાં માર્ગદર્શન આપતા હતા. ગાંધીનગરના શૈક્ષણિક વિકાસમાં અને શિક્ષક આલમમાં પણ તેઓ સર્વપ્રિય હતા. સેક્ટર-૨૨ની ઈશ્વરકૃપા સોસાયટી, પ્લોટ નં. ૩૩૬/૧ ખાતે અંતિમયાત્રા નીકળી હતી જેમાં મોટા પ્રમાણમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com